તા.૧૮/૧૨/૭૮ અને તે પછી આજીવન કેદની
સજા પામેલા કેદીઓ ૧૪ કોરા વર્ષ પુરા
કરે તે પછી તેઓને વહેલા જેલમુક્તિ કરવાબાબત

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
પરિપત્રક્રમાંક જલક/૩૩૯૦/સીએમ/૧૬/પાર્ટ/૨/જ
સચિવાલય, ગાંધીનગર
તા: ૯ /૭/૧૯૯૨.

<u>વંચાણમાં લીધા</u>

(૧) સી.આર.પી.સી.કલમ ૪૩૨ અને ૪૩૩ (એ) અને ૪૨૮.

(૨) ગૃહવિભાગ પરિપત્રનંબર: જલક /૩૩૮૩/૭૮૪૯/જ તા.૧૧/૫/૮૪

(૩) ગૃહવિભાગ પરિપત્ર.નં જલક/૩૩૮૫/૩૬૧૦/જ તા.૭/૮/૮૫

<u>પરિપત્ર:-</u>

રાજ્ય સરકારને સી.આર.પી.સી. ૪૩૨ હેઠળ મળેલ સત્તાની રુએ તારીખ:- ૧૮/૧૨/૭૮ પહેલાં આજીવન કેદની સજા પામેલા કેદીઓ ૧૪ વર્ષ માફી સાથે પુરા કરે એટલે તેમની જેલ વર્તણુંક, એ.બો.કમિટિ અને જેલના ઇન્સ્પેક્ટર જનરલનો અભિપ્રાય વિચારણામાં લીધા બાદ બાકીની સજા માફ કરવાની નીતિ આમુખમાં ક્રમાંક:૨ સામે દર્શાવેલ ગૃહ વિભાગના પરિપત્રથી નક્કી કરવામાં આવી છે.

તા.૧૮/૧૨/૭૮ ના રોજ સી.આર.પી.સી. કલમ ૪૩૩(એ)અમલમાં આવી છે. તેની જોગવાઇ અનુસાર આજીવન કેદની સજા પામેલા કેદીઓએ ૧૪ કોરા વર્ષની સજા પુરી કરવાની છે. તે જોગવાઇને ધ્યાનમાં લેતા, રાજ્ય સરકારને સી.આર.પી.સી ૪૩૨ હેઠળ મળેલ સત્તા પર તેટલું નિયંત્રણ આવે છે. આથી તા.૧૮/૧૨/૭૮ કે તે પછી આજીવન કેદની સજા પામેલા કેદીઓ બાબતમાં, તે કેદીઓ ૧૪ કોરા વર્ષની સજા પુરી કરે ત્યાર બાદ જ તેવા કેદીઓને રાજ્ય સરકાર વહેલી જેલમુક્તિ આપી શકે. રાજ્ય સરકારની સત્તા અન્વયે, આવા કેદીઓને વહેલી જેલ મુક્તિ આપવા બાબતમા નીચે મુજબનો નિતિ વિષયક નિર્ણય કરવામાં આવે છે.

અ/ ।। તા.૧૮/૧૨/૭૮ કે તે પછી <u>આજીવન કેદની સજા પામેલા</u> જે કેદીઓ તેમની <u>૧૪ કોરા વર્ષની સજા, સેટ ઓફ સહિત</u>, પુરી કરે. જેલવાસ દરમ્યાન તેમની વર્તણુંક સારી હોય, તો જેલના ઇન્સ્પેક્ટર જનરલના અભિપ્રાય સહિતના અહેવાલની ચકાસણી કરી તેમને જેલમુક્ત કરવા.

...૨..

...૨...

બાબતમાં યોગ્ય નિર્ણય લેવો।

આ માટે જેલોના ઇન્સ્પેક્ટર જનરલે નીચે મુજબની કાર્યરીતિ અપનાવવાની રહેશે તા.૧૮/૧૨/૭૮ કે તે પછી આજીવન કેદની સજા પામેલા કેદીઓ, ૧૩ કોરા વર્ષની સજા કૈદ એક સહિત પુરી કરે એટલે જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી તેમની વહેલી જેલમુક્તિ માટેની કાર્યવાહી શરૂ કરવી. આ માટે સંબંધિત જીલ્લા પોલીસ અધિકારી, જીલ્લા મેજીસ્ટ્રેટ, જેલ અધિક્ષક તથા એ.બા.(એડવાઇઝરી બોર્ડ) કમિટિનો અભિપ્રાય મેળવીને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ પોતાનો અભિપ્રાય, કેદીનો નોમિનલ રોલ તથા કેદીઓ જજમેન્ટની નકલ સહિત સ્વયંસ્પષ્ટ દરખાસ્ત સરકારમાં મોકલવી. આવી દરખાસ્ત કેદી નેવર્ષ સજાના ૧૪ કોરા વર્ષની સજા પુરી કરવાની તારીખના ત્રણ માસ અગાઉ સરકારમાં મળે તે રીતે મોકલવી. સરકારની ઉપર્યુક્ત નીતિ જેલ સલાહકાર સમિતિઓના તમામ સભ્યોના ધ્યાન પર લાવવી જેથી તા.૧૮/૧૨/૭૮ કે તે પછી આજીવન કેદની સજા પામેલા કેદીઓને ફિરવામાં ભલામણ કરતી વખતે આ નીતિને ધ્યાનમાં લઇ લેને યોગ્ય સમયસર ભલામણ કરી શકે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(signature)
(જ. મ. સંઘવી)
નાયબ સચિવ
ગૃહ વિભાગ
ગુજરાત સરકાર

Issued
૬/૧/૭૯
O/C

પ્રતિ,
જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુ.રા. અમદાવાદ
સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને
સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓને
સર્વે જીલ્લા પોલીસ અધિકારીઓને
સર્વે અધિક્ષકશ્રીઓને, મધ્યસ્થજેલો/જીલ્લાજેલો
ખાસજેલો/ખુલ્લીજેલો/હેડક્વાર્ટર સબ જેલો
શાખા સીલેક્ટ ફાઇલ
મદદનીશ સીલેક્ટ ફાઇલ